ગાંધીનગર સમાચાર

જિલ્લાને વિકાસ કામો માટે ૮ કરોડની ગ્રાન્ટ

# ગેરકાયદેસર વાણિજ્ય પ્રવૃત્તિ અંગે સમજૂતી

## ગુજરાત રેગ્યુલાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૧ નો ગાંધીનગરમાં તંત્ર દ્વારા ભંગ : વેપારીઓ પરેશાન

**સમયસર**

ગુજરાત સરકારે અનઅધિકૃત બાંધકામ રેગ્યુલાઈઝ કરવા માટે નવો રેગ્યુલાઈઝ ઓફ અનઓથોરાઈઝડ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૧ પસાર કરેલ જે ૨૦/૧૨/૨૦૧૨ થી અમલમાં મુકેલ છે તેમ છતાં કાયદામાં વિસમાનતા તથા સમજણ ફેરના કારણે ગાંધીનગરમાં રેસીડન્સમાં કોર્મસીયલ બાંધકામને ઈમ્પેકટ ફી ભરી રેગ્યુલાઈઝ કરવા ઓથોરીટીએ ઈન્કાર કરેલ છે.

સદરહુ એકટમાં સુધારો કરી કલમ ૮(૧)(બી) માં એવી જોગવાઈ કરી છે જે એકટ ને ૨/૧૩ થી સુધારો કરેલ છે કે સરકારશ્રીએ ફાળવેલ જમીન પરનો અનઅધિકૃત વિકાસ પણ નિયમિત કરવાનો રહેશે. આ કાયદાની કલમ ૫(૧) માં પણ સ્પષ્ટ જોગવાઈ છે જે મુજબ ૨૮/૩/૨૦૧૧ કે તે પહેલાનો અનઅધિકૃત વિકાસ હોય તો આવો વિકાસ નિયમબધ્ધ કરવાનો રહેશે. સદરહુ કાયદાની કલમ ૧(૨) પુરા ગુજરાત રાજયને લાગુ પડે છે તેમાં ગાંધીનગર પણ બાકાત નથી તેમ છતાં રેસીડન્સમાં કરેલ

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

શહેરમાં જૈસે થે - શહેરમાં દબાણ હટાવવાની ઝુંબેશ જોરશોરથી ચાલી રહી છે... દબાણ મુક્ત ગાંધીનગર બનાવવાનો પ્રયાસ તંત્ર દ્વારા પ્રમાણિકતાથી ચાલે છે... પરંતુ જેવું દબાણતંત્ર એક સેકટરમાંથી બીજા સેકટરમાં જાય કે તુરત જ ઝુંપડાવાસીઓ હતા એમ જ ગોઠવાઈ જાય છે... શહેરમાં દબાણ હટાવવા અનેક વખત ઝુંબેશો ચાલી રહી છે... પરંતુ ઝુંપડાવાસીઓના વિકલ્પે જગ્યા ન મળતી હોવાથી હતા એ જ જગ્યાએ ગોઠવાઈ જાય છે... કોણ જાણે ક્યારે શહેર દબાણ મુક્ત બનશે ...? હજી તો કેટલાય દબાણો હટાવવાના બાકી છે ત્યારે હટાવાયેલા દબાણો પુનઃ સ્થાપિત થતા દબાણ તંત્રને આ પ્રકારના દબાણો દૂર કરતા આંખે પાણી આવી જશે...

# બોર્ડનો છબરડો : સંસ્કૃતના ગુણમાં ગોટાળો !

**ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ગાંધીનગરના બે હજારથી વધુ વિદ્યાર્થીઓને અસર : બપોર બાદ વેબસાઈટ કલૉઝ કરી**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિણામમાં છબરડા કરવાની પરંપરા યથાવત રહી છે. શિક્ષણ બોર્ડ દ્વારા પાંચ કીમાં સુધારો કર્યા બાદ ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૧નું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું પરંતુ સંસ્કૃત વિષયમાં ભારે છબરડો થતાં હોશિયાર વિદ્યાર્થીઓને પણ સંસ્કૃત વિષયમાં ૨૦થી ૩૫ માર્કસ જ આવ્યા હતા. ઘણા બધા વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં ખુબ ઓછા ગુણ આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ અંગે બોર્ડને ઉગ્ર રજૂઆત કરતાં સંસ્કૃતનું પરિણામ આવતીકાલે પુનઃ જાહેર કરવામાં આવશે.

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ દ્વારા ઓકટોબર માસમાં વિજ્ઞાનપ્રવાહના સેમેસ્ટર-૧ અને ઉની પરીક્ષી લેવામાં આવી હતી. ત્રીજા સેમેસ્ટરનું પરિણામ ગયા

● અનુસંધાન પાન-૭ પર

### સંસ્કૃતનું પરિણામ આજે ફરીથી જાહેર કરાશે

ગાંધીનગર, તા.૩૦

ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહના સેમેસ્ટર-૧ના આજે જાહેર થયેલા પરિણામમાં ભારે છબરડા થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ બોર્ડની ઓફિસે ધસી ગયા હતા. વિદ્યાર્થીઓ અને વાલીઓની રજૂઆતના પગલે સંસ્કૃત વિષયનું સુધારેલું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે.

# ભાજપ સંગઠનની સંરચના માટે નિરીક્ષકો નિમાયા

**૧૫ થી ૨૨ જાન્યુઆરી વચ્ચે આ પ્રક્રિયા પૂરણ કરવાનું આયોજન**

ગાંધીનગર, તા૩૦

જિલ્લામાં ભાજપના સંગઠન સંરચના માટે નિરીક્ષકોની નિમણૂંક કરી દેવામાં આવી છે અને ૧૫ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન શહેર અને જિલ્લા સંગઠનની પુનઃરચનાની કામગીરી સંપન્ન કરી દેવાશે.

ગાંધીનગર શહેર સંગઠન માટે નિરીક્ષક તરીકે શ્રી મહેશભાઈ કસવાલાની તેમજ જિલ્લા સંગઠન માટે શ્રી ભગવાનદાસ પંચાલની નિરીક્ષક તરીકે આજે પ્રદેશ કક્ષાએથી નિયુક્તિ થઈ છે.

આ નિરીક્ષકો હવે આગામી દિવસોમાં ગાંધીનગરના સંગઠનની નવી રચના માટેની કાર્યવાહી હાથ ધરશે તેમ જાણવા મળલે છે. શહેર અને જિલ્લા સંગઠનમાં આવનારા ફેરફારોને લઈ ભાજપમાં ચર્ચાનો દોર શરુ થઈ ચુક્યો છે. જો કે હાલ તો કાર્યકરો વચ્ચે આ ચર્ચાઓ સિમિત છે. નિરીક્ષકો નવી નિમણૂંક સહિતની પ્રક્રિયામાં કાર્યકરોની રજુઆતો સાંભળશે.

# જિલ્લાને વિકાસ કામો માટે ૮ કરોડની ગ્રાન્ટ

**૧૪મા નાણાંપંચની પ્રથમ વર્ષે ફાળવાયેલ ગ્રાન્ટ : આ ગ્રાન્ટ ગ્રામ્ય વિસ્તારને વસ્તીના ધારણો ફાળવવાની રહેશે : પરફોમન્સ ગ્રાન્ટની પણ જોગવાઈ**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાને ૧૪મા નાણાંપંચના પ્રથમ વર્ષે વિકાસ કામો માટે રૂા. ૮ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જે ૧૩મા નાણાંપંચની તુલનામાં રૂા. ૫૦ લાખ વધારે છે.

જિલ્લા પંચાયતને મળેલી આ ગ્રાન્ટ ગ્રામ્ય વિસ્તારને વસ્તીના ધારણો ફાળવી આપવાના હુકમો પણ કરી દેવામાં આવ્યા છે. આ ગ્રાન્ટના નાણાં વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર થયા પછી તે ખર્ચવાના રહેશે તેવા આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા છે.


વિલેજ ડેવલપમેન્ટ પ્લાન ૧૦મી જાન્યુઆરી સુધી જિલ્લા કક્ષાએ સરપંચોએ મોકલી આપવાના રહેશે.

મળતી વિગતો પ્રમાણે આ ૧૪મા નાણાંપંચમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતને કોઈ હિસ્સો પ્રાપ્ત થશે નહિ. બધી જ ગ્રાન્ટ પંચાયતોને વસ્તીના ધોરણે ફાળવવાની રહેશે.

૧૪મા નાણાંપંચમાં પરફોમન્સ ગ્રાન્ટ ૧૦ટકા દર વર્ષે પ્રોત્સાહન તરીકે આપવાની જોગવાઈને કારણે ગ્રામીણ વિસ્તારોમાં સુવિધાઓ ઉપલબ્ધ બનશે તેમજ વિકાસ વધુ વેગીલો બનશે તેમ જાણકારોનું કહેવું છે.

આ પરફોમન્સ ગ્રાન્ટ માટે ઓડિટ થયેલા હિસાબો રજૂ કરવાની જોગવાઈ હોવાથી પંચાયતના વહીવટમાં પારદર્શકતા વધશે તેમ પણ આ જાણકારોનું કહેવું છે.

**બેસણું (સુંવાળા)**



અમારા સુપુત્ર **દશરથસિંહ બળદેવસિંહ વાઘેલા** નું તા. ૨૯-૧૨-૧૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્માને ગમ્યુ તે ખરૂ. **સદ્‌ગતનું બેસણું (સુંવાળા) નીચે મુજબની તારીખ અને સ્થળે રાખેલ છે.**

**બિલોદરા મુકામે બેસણું (સુંવાળા) તા.૧-૧-૧૬, શુક્રવાર**
**સ્થળ : ઠે. વાઘેલાનો માઢ, ગુજરાતી શાળા પાછળ, મું. બિલોદરા, તા. માણસા, જી. ગાંધીનગર,**
**સમય : સવારે ૯:૦૦ થી બપોરના ૪:૦૦ કલાક સુધી સમાજના રીત રીવાજ મુજબ બેસણું (સુંવાળા) રાખેલ છે. કાણ-મોકાણ બંધ રાખેલ છે.**

**ગાંધીનગર મુકામે બેસણું : તા.૩-૧-૧૬, રવિવાર, સમય સવારે ૮-૦૦ થી ૧૨-૦૦**
**સ્થળ : શ્રી રાજપૂત સમાજ ભવન, સેકટર-૧૨, ગાધીનગર.**

**વાઘેલા બળદેવસિંહ છગુજી**
**વાઘેલા વિક્રમસિંહ બળદેવસિંહ**
(એ.એસ.આઈ. - નારણપુરા પો. સ્ટે.)
**વાઘેલા કરણસિંહ બળદેવસિંહ**
(મેમ્બર, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત)
(પ્રમુખ, શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર)
**મો. ૯૮૨૫૩ ૯૩૫૮૩**

**વાઘેલા મુકુન્દસિંહ બળદેવસિંહ**
(દિશા એન્ટરપ્રાઈઝ)
**વાઘેલા જયદિપસિંહ વિક્રમસિંહ**
(એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ)
**મો. ૯૯૨૫૬ ૦૩૦૧૩**
**તથા સમસ્ત વાઘેલા પરિવાર, બિલોદરા**

# જિલ્લામાં 'મા' અને 'મા વાતસલ્ય' યોજનાના ૧૧૯૧ દર્દીઓ લાભાર્થી બન્યા

**સરકારે આ લાભાર્થીઓની સારવાર માટે રૂ. બે કરોડ ૬૬ લાખનો ખર્ચ ઉપાડયો**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં 'મા' અને 'મા વાતસલ્ય' યોજના અંતર્ગત ૧૧૯૧ લાભાર્થીઓએ લાભ મેળવ્યો છે. આ યોજના અંતર્ગત કેન્સરના ૬૪૦ દર્દીઓએ તો હૃદયની બિમારીથી પિડાતા ૪૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો છે.

આ લાભાર્થીઓ પાછળ સરકારને રૂ. બે કરોડ ૬૬ લાખ ૨૨ હજાર ૧૦૪નો ખર્ચ થયો છે. જેમાં સૌથી વધુ ખર્ચ કેન્સરના દર્દીઓ પાછળ થવા પામ્યો છે. જે પાછળ રૂ. ૮૭,૧૬,૧૭૦નો થવા જાય છે. કિડની પાછળ ૪ લાખ રૂ.નો ખર્ચ થયો છે અને ૯૭ દર્દીઓને તેનો લાભ મળ્યો છે.

કેન્સરમાં ૬૦ વ્યકિતઓના ઓપરેશન કરવા પડયા છે. આ ઉપરાંત ૪૦૦થી વધુ દર્દીઓ જે કેન્સરના જુદા જુદા સ્ટેજમાં જણાય છે તેમને સારવાર પણ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ બંને યોજના અંતર્ગત દાઝી જવાના કિસ્સામાં સારવાર, ન્યુરો સર્જરીના કેસ પણ મળ્યા છે.

મા યોજના જે બી.પી.એલ. પરિવારો માટેની છે જેમાં ૯૪૦ લાભાર્થી અને મા વાતસલ્ય યોજના જે રૂ. એક લાખ ૨૦ હજારની આવક મર્યાદા ધરાવતા પરિવારો માટે છે તેમાં ૨૫૧ લાભાર્થી નોંધાયા છે.

જિલ્લામાં બીપીએલ પરિવારોમાં કેન્સર, કિડની અને હૃદયની ગંભીર બિમારીનું પ્રમાણ થોડુંક વધારે જોવા મળ્યું છે. ૨૯૧ દર્દીઓને હૃદયની અને ૩૭૨ દર્દીને કેન્સરના લાભાર્થી આ યોજનામાં જણાયા છે. જયારે કિડનીની બિમારી ધરાવતા ૫૭ દર્દી બીપીએલ પરિવારમાંથી નોંધાયા છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આ બધા જ કલેઈમના નાણાં સંબંધિત હોસ્પિટલોને ચુકવી દેવામાં આવ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

અડીખમ - ગાંધીનગર શહેર વૃક્ષોથી શોભે છે... હરિયાળુ પાટનગર આજે પણ સૌને સ્પર્શી જાય છે... વૃક્ષ માનવજાત માટે ઉપકારક છે એટલું જ નહિ પરંતુ જીવનનો સંદેશ આપે છે... અડગતા અને ઉપકાર વૃત્તિ વૃક્ષની મહાનતાને ઉજાગર કરે છે... પડકારોની વચ્ચે અડીખમ રહેવું વૃક્ષ પાસેથી જ શીખવું પડે છે... સેક્ટર-૨૩ના શોપીંગ પાસે આવેલા ચાર રસ્તા પર વર્ષોથી અડીખમ ઉભેલું વૃક્ષ પાંદડા વિના પણ સૌંદર્ય પાથરે છે... શહેરનો વૃક્ષ પ્રેમ આવો જ જળવાતો રહે એવી વિભાવના વિદાય લેતા વર્ષે કરીએ...




**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com